# સોનું અને અનાજ

– ભાવેશ પંડ્યા

ઘણા સમય પહેલાંની વાત છે.

ઘણી બધી ધાતુઓની જેમ સોનું પણ વપરાતું.

ધીરે–ધીરે સોનું બજારમાંથી અલોપ થતું ગયું.

ચમચી, લોટો, વાટકી બધું સોનાને બદલે બીજી ધાતુથી બનતું ગયું. વપરાતું ગયું.

સોનાનો નાનકડો ટુકડો કે તાર હજારોની કિંમતે અંકાતા હતા.

આ વખતે રાજાઓએ પણ ‘સોનામહોર’ને બદલે ‘તાંબામહોર’ બનાવી હતી. હવે ચલણમાં, બજારમાં, ખરીદીમાં કે લેવડ–દેવડમાં તાંબુ કે તેવી જ કોઈ ધાતુ વપરાતી હતી.

આ સમયે એક દેશમાં બે ભાઈઓ રહેતા હતા.

મોટાભાઈનું નામ મોટેરો. નાનાભાઈનું નામ નેનો.

મોટેરાને સોનાની ખૂબ લાલચ.

એક દિવસની વાત છે. મોટેરો નાનાભાઈ નેનોને કહે : મારો વિચાર બીજા દેશમાં જઈ વધારે સોનું ભેગું કરવાનો છે.’

નેનો કહે : ‘સોનું લેવા જવાનું જોખમ છે. બીજા દેશમાં આપણું કોણ ? છે એટલાથી સંતોષ માનો.’

નાનાભાઈની સલાહ ન માની મોટેરો ગયો. બે ભાઈઓમાં ખૂબ લાગણી હતી. ‘ભાઈને એકલો ન જવા દેવાય.’ આવો વિચાર કરી નેનો પણ મોટાભાઈ સાથે પરદેશ જવા જોડાયો. વિદેશ જતાં પહેલાં સાથે નોકર, બળદ, હળ અને થોડું બિયારણ લેવાની વાત કરી. બધું સાથે લઈ તેઓ પરદેશ જવા રવાના થયા.

પરદેશમાં પહોંચી મોટેરો તો ખાણ અને સોનાની શોધમાં લાગી ગયો. નેનો નદીકિનારે રોકાયો. અહીં તેણે બટાકા, શાકભાજી અને અનાજની વાવણી કરી. બે–ચાર મહિનામાં સોનાની શોધ કરતો ભાઈ મોટેરો દૂર–દૂર નીકળી ગયો હતો. અહીં નેનોનો પાક સરસ તૈયાર થઈ ગયો હતો. નાનો નેનો અહીં નાનકડું ઘર બનવીને રહેતો હતો. અહીં તેણે ઢોર પણ પાળી લીધાં હતાં. આ પૈકી ઘણાં ઢોર

દૂધાળાં હતાં. ખેતીકામમાં પણ તે સતત જોડાયેલો રહેતો. નેનો મોટેરોને યાદ કરતો હતો. તેની ફિકર કરતો હતો.



ચાર મહિના પસાર થયા. મોટેરો ઘણું સોનું ઉપાડીને આવતો હતો. તે થાકેલો અને બીમાર જણાતો હતો. ભાઈને પાછો ફરેલો જોઈ નેનો ખૂબ ખુશ થયો.

તેઓ વાતો કરતા હતા. મોટેરો કહે : 'હું થાકી ગયો છું. સોનું ભેગું કરવામાં હું ધરાઈને જમી પણ શકતો ન હતો. મારામાં હવે તાકાત નથી બચી. મને ભૂખ લાગી છે. ખૂબ ભૂખ લાગી છે. મને જમવાનું આપ.

મોટેરોની વાત સાંભળી નેનો કહે : 'ભાઈ, હું જમવાનું આપું પણ મને તારા સોનામાંથી ભાગ આપ.'

મોટેરોને થયું કે, આ નેનોની નજર મારા સોનામાં છે. મોટેરો કહે : 'તને સોનું આપીશ પણ....મને પહેલાં જમવાનું આપ.'

મોટેરો નેનોને ખૂબ વિનંતી કરતો હતો. તેને ભૂખ લાગી હતી. નેનો મોટેરો પાસે સોનોમાં ભાગ માંગતો હતો.

મોટેરો હવે અકળાયો. તેણે બધું સોનું નેનો આગળ ઠાલવી દીધું. ખૂબ સોનું પગમાં પડેલું જોઈ નેનો હસતો હતો. મોટેરોને નેનો કહે : ‘સોનું મારે નથી જોઈતું. હું તો તમને બતાવવા–સમજાવવા તમારું સોનું માંગતો હતો. સોનું, ધન, દોલત ભલે કેટલુંય ભેગું કરો, જીવવા માટે અનાજ જરૂરી છે. બધાએ સોનું કે ધન નહીં પણ અનાજ અને તે પકવવા માટે જે–જે જરૂરી હોય તે બધું જ બચાવવું પડે.

મોટેરોને સાચી વાત સમજાઈ ગઈ. બંને ભાઈઓ સાથે જમી વાતો કરતાં–કરતાં સૂઈ ગયા.

■